

આધારકાર્ડને તમામ પ્રકારના પુરાવામાં માન્ય ગણવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજનાઓના લાભ લેવા માટે પણ આધારકાર્ડ હોવુ ફરજીયાત છે. ત્યારે આધારકાર્ડ કઢાવવા જિલ્લા મથકોએ લાંબી લાંબી કતારોમાં નાગરિકોને ઉભા રહેવું પડે છે. ચિલોડા મોટા ગામે એક એજન્સી દ્વારા આધારાકાર્ડ કઢાવવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણ દિવસ સુધી ચિલોડા સ્થિત ગ્રામ પંચાયત ઓફિસ ખાતે પ્રક્રિયા ચાલુ રહેશે. આધારકાર્ડથી વંચિત ગ્રામજનોને લાભ લેવા અનુરોધ કરાયો છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# પાંચ વર્ષ માટે ચૂંટાતા ધારાસભ્યને પ્લોટ મળે તો ૬૦ વર્ષ નોકરી કરતાં કર્મચારીને કેમ નહિ ?

## રાજ્ય સરકારના કર્મચારીઓ માટે હાઉસીંગના મકાનો બનાવવા જમીન આપવા લેખિત રજૂઆત કરાઈ : કર્મચારીઓને પિડા આપતા પડતર પ્રશ્નોનું નિરાકરણ ક્યારે આવશે ? : વસાહત મહાસંઘ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં સરકારી નોકરી કરતા અનેક કર્મચારીઓનું આખુ આયખુ પુરૂ થઈ ગયું પરંતુ ઘરનું ઘર વસાવી શક્યા નથી. આજે પણ અનેક કર્મચારીઓ પોતાનું પેન્શન ભાડામાં આપી દે છે. ત્યારે સરકારી કર્મચારીઓ માટે પાટનગરમાં હાઉસીંગના મકાનો બનાવવા માટે જમીન ફાળવવા અને કર્મચારીઓને પીડા આપતા પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા શહેર વસાહત મહાસંઘે જણાવ્યું છે.

રાજ્ય સરકાર અગાઉ ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા મકાન બનાવી આપવામાં આવતા હતા. પરંતુ 'દિ' પસાર થતા ગયા તેમ સ્કીમ પર પૂર્ણ વિરામ મુકાઈ ગયુ અને અનેક કર્મચારીઓની મકાનની આશા નિરાશામાં ફેરવાઈ ગઈ.

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી સમયે મકાનના નામે હથેળીમાં ચાંદ બતાવ્યો હતો. મધ્યમ વર્ગના લોકો માટે પચાસ લાખ મકાનો બનાવવાની ચૂંટણી સમયે વાત કરી હતી પરંતુ અમદાવાદ સિવાય અન્ય કોઈ જગ્યાએ મકાનો બનાવવા માટે શુભ મુહૂર્ત નિકળ્યું નથી. પાટનગરમાં જમીનોના ભાવ આસમાને પહોંચ્યા છે. મધ્યમ વર્ગ માટે મકાન એક સ્વપ્ન બની ગયું છે. ત્યારે સરકાર ઉદ્યોગપતિઓને ગાંધીનગરની કિંમતી જમીન ફાળવી દે છે પરંતુ કર્મચારીઓ માટે એક ટુકડો પણ ફાળવવામાં આવતો નથી.

જેમની પાસે એકથી વધુ મહેલો જેવા બંગલાઓ હોય છે અને ફક્ત પાંચ વર્ષ માટે પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટણી લડી વિજેતા બને છે તેવા નેતાઓને કરોડો રૂપિયાના પ્લોટ પાણીના ભાવે આપવામાં આવે છે. પરંતુ પોતાની અડધી જીંદગી સરકારની સેવામાં ખુંપી દેનારા કર્મચારીઓને નેવું મીટરનો ટુકડો ફાળવવામાં પણ સરકારને થાક લાગે છે.

સરકારની બેધારી નીતિનો વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ વિરોધ કર્યો છે. સરકારે હજ્જારો ચોરસ મીટર હેલીપેડ પર મોટા-મોટા સ્ટોલ બનાવવા જમીન ફાળવી નાંખવામાં આવી પરંતુ વર્ષોથી હાઉસીંગના મકાનો બનાવવા માટે જમીન આપવા માંગણી કરી રહેલા કર્મચારીઓનો અવાજ સરકારના બહેરા કાને સંભળાતો નથી તે ખરેખર નવાઈની વાત છે.

ગાંધીનગરમાં વસવાટ કરતા લોકોને ફાયદો નથી થયો તેટલો ફાયદો એક દાયકામાં કોર્પોરેટર્સને થયો છે. ત્યારે ઘરના છોકરા ઘંટી ચાટે તેવો ભાસ ઉત્પન્ન થયો છે. વિદેશી કંપનીઓને ટોકન ભાવે જમીનો ફાળવવામાં આવી રહી છે. જેની અસર મધ્યમ વર્ગ ઉપર પડી રહી છે. કર્મચારીઓને હાઉસીંગના મકાન માટે પ્લોટ ફાળવવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, માર્ગ મકાન વિભાગ મંત્રી નીતિનભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, સંસદ સભ્ય એલ.કે. અડવાણી, કર્મચારી મહામંડળ પ્રમુખ, સચિવાલય ફેડરેશનને પણ લેખિત રજુઆત કરવામાં આવી છે.

# સેક્ટર-૨૧ હવેલી ખાતે બગીચાનો મનોરથ

ગાંધીનગર, તા. ૨૯

સેક્ટર-૨૧માં આવેલ શ્રીજીશ્રી ગોવર્ધનનાથજી હવેલી ખાતે આજે મંગળવારે બગીચાનો મનોરથ કરવામાં આવશે. પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે હવેલી ખાતે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું છે.

# દૂધ ઉત્પાદક સંઘોએ એક દાયકામાં વીસથી વધુ વખત દૂધનો ભાવ વધારો કર્યો

## છાશવારે ભાવ વધારો કરી કહેવાતા સહકારી આગેવાનો પોતાની ખાલી તિજોરી ભરી રહ્યા છે : ભારત સરકાર દૂધને આવશ્યક ચીજવસ્તુ ગણે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં દૂધ ઉત્પાદક સંઘો દ્વારા ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. પશુપાલકોનું નામ આગળ ધરીને અવાર-નવાર દૂધનો ભાવ વધારો કરી પોતાના ખિસ્સા ગરમ રાખવામાં આવી રહ્યાં છે. સફેદ ક્રાંતિના આદર્શને ઘોળીને પી જવામાં આવી રહ્યો છે. દૂધના ભાવોને નિયંત્રણમાં રાખવા માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી છે.

મોંઘવારીએ ઝીંકેલા કોરડાથી દેશમાં રહેતા અનેક લોકોને સોળ ઉઠી જવા પામ્યા છે. અવાર-નવાર પેટ્રોલ, ડીઝલ, રાંધણગેસ, દૂધ, છાશમાં ભાવ વધારો ઝીંકી દેવામાં આવે છે અને તેના કારણે જાગૃત નાગરિક પરિષદે ભાવ વધારે કરતા લોકો સામે બંડ પોકારવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે દૂધના ભાવ વધારા સામે વિરોધ દર્શાવ્યો છે. દૂધ એ ગરીબીની ઝુંપડીથી લઈને તવંગરના મહેલમાં જોવા મળે છે. અને તેના કારણે દૂધની માંગ પણ વધુ છે. પરંતુ વધતી માંગનો દૂધ ઉત્પાદક સંઘો દૂર ઉપયોગ કરી છાશવારે ભાવ વધારો કરતા હોય છે.

પશુપાલકોને દૂધનો પોષણક્ષમ ભાવ મળે તે માટે ભાવ વધારવામાં આવ્યો છે તેવો લૂલો બચાવ પણ કરવામાં આવતો હોય છે. પરંતુ હકીકત કઈક જુદી જ છે. આ લોકો ભાવ વધારો કરી પોતાની તિજોરીમાં પડેલી ખાલી જગ્યાને પુરતા હોય છે. લોકોના પરસેવાના રૂપિયે તાઘડધિન્ના કરવા પેંધા પડેલા સહકારી આગેવાનો પશુપાલકોનું નામ વટાવી જલસા કરી રહ્યા છે.

દૂધને પૂર્ણ ખોરાક અને ઔષધ ગણવામાં આવે છે, ત્યારે ભારત સરકારે દૂધને જીવન જરૂરિયાત આવશ્યક ચીજવસ્તુ જાહેર કરવી જોઈએ. જેના કારણે દૂધના ભાવો રાજ્ય સરકારના નિયંત્રણમાં આવે અને તો જ સામાન્ય જનતાને પણ સત્તા ભાવે દૂધ મળશે.

છેલ્લા એક દસકામાં વીસથી વધુ વખત દૂધમાં કમ્મરતોડ ભાવ વધારો ઝીંકાયો છે. જેનાથી સમગ્ર રાજ્યની જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ જાય છે. સરકારી મંડળીઓના રજીસ્ટ્રારનું તંત્ર ભ્રષ્ટાચારમાં ગળાડુબ થઈ ગયું છે. ઓડિટ કરવામાં નરમાઈ રાખવામાં આવે છે. પરંતુ સામાન્ય લોકોની વેદના સમજી સપ્નાઈપૂર્વક ઓડિટ કરવામાં આવે તો કેટલાય કૌભાંડ પકડાઈ શકે છે.

રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને લેખિત રજુઆત કરતા આ બાબતે ઝડપથી નિર્ણય કરવા જણાવ્યું છે. દૂધનો ભાવ ઓછો કરવામાં આવશે તો ગરીબ બાળકના મુખ સુધી દૂધ પહોંચશે.

# ભાજપ યુવા મોરચાના પ્રદીપસિંહ વાઘેલા અને હર્ષ સંઘવી બ્રીકસ સમિટમાં ભાગ લેશે

## દેશભરમાંથી વિવિધ ક્ષેત્રોના માત્ર ૧૮ નાગરિકોની પસંદગીમાં ગુજરાતના યુવાનોની પસંદગીથી રાજયમાં હર્ષની લાગણી

ગાંધીનગર, તા.૨૯

આગામી તા. ૪ થી ૭ મી જુલાઈ દરમિયાન રશિયા ખાતે ૭મી બ્રીકસ સમિટ યોજાવાની છે. જેમાં ભારતભરમાંથી વિવિધ ક્ષેત્રના ૧૮ યુવા નાગરકો ભાગ લેવાના છે. ગુજરાતમાંથી ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ પ્રદીપસિંહ વાઘેલા અને રાષ્ટ્રીય મહામંત્રી હર્ષ સંઘવી આ સમિટમાં ભાગ લેવા જવાના છે જે રાજય માટે ગૌરવની બાબત છે.

બ્રાઝીલ, રશિયા ભારત, ચીન અને સાઉથ આફ્રિકા એમ પાંચ ઉભરતા અર્થતંત્રો ધરાવતા દેશો દ્વારા બ્રીકસ સમિટ યોજાય છે. જેમાં વિવિધ સેમિનાર તથા રાઉન્ડ ટેબલ ચર્ચાઓ યોજવામાં આવે છે. આ સમિટમાં ચારેય દેશમાંથી પસંદ કરાયેલા યુવા નાગરિકો ભાગ લે છે. ભારતમાંથી આ વર્ષે જુલાઈના પહેલા સપ્તાહમાં યોજાનાર બ્રીકસ સમિટમાં દેશભરમાંથી માત્ર ૧૮ યુવા નાગરિકો ભાગ લેનાર છે જેમાં ૨ યુવાનો ગુજરાતમાંથી પસંદ કરાયા છે. આ બે યુવાનોમાં ભાજપના યુવા મોરચાના પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા અને રાષ્ટ્રીય મહામંત્રી હર્ષ સંઘવીની પસંદગી કરવામાં આવી છે. આ પસંદગીને ગુજરાતનું ગૌરવ ગણાવતા સમગ્ર ભાજપમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૩૧

### તાપમાન

મહત્તમ : ૩૬.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૨ ટકા

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૨ :**
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૧.૧૫, ૩.૧૫, ૮.૧૫
એબીસીડી - ૨ (૩ડી) : ૧૧.૦૦, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦ ● તનુ વેડ મનુ ૨ : ૧.૦૦
યુવા : ૪.૦૦, ૧૦.૦૦ ● વેકલમ જિંદગી : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧૦.૦૦, ૧.૪૫
હમારી અધુરી કહાની : ૭.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૪.૪૫, ૧૦.૦૦

**સિનેમેક્સ**

**: સ્ક્રીન-૧ :**
એબીસીડી - ૨ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૬.૪૫

**સ્ક્રીન-૨ :**
બે યાર (ગુજરાતી) : ૮.૦૦
એબીસીડી - ૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૭.૩૦
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૫.૧૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૩ :**
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૧.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૧.૪૫, ૧૦.૩૦
એબીસીડી - ૨ : ૪.૩૦ ● હમારી અધુરી કહાની : ૭.૪૫

**સ્ક્રીન-૪ :**
મિસ તનકપુર હાજીર હો (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૫
એબીસીડી - ૨ : ૯.૦૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દ્રઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. કેપ્ટન વત્સલ પ્રકાશકુમાર ઉપાધ્યાય (ઉ.વ.૨૭) પ્લોટ નં. ૨૪૯/૨, સે-૪એ, ગાંધીનગર
- સ્વ. પ્રવિણાબેન મફાભાઈ વાઘેલા (ઉ.વ.૪૦) મુ. પાલજ, તા. જી. ગાંધીનગર
- સ્વ. નિરુબેન જસવંતલાલ સોની (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૨૧/૨, સે-૩એ, ગાંધીનગર

# સેક્ટર-૯માં છેલ્લા ૨૦ દિવસથી બંધ એરફોર્સ અધિકારીના મકાનમાં તસ્કરોનો હાથફેરો

## ઘણા સમયથી મકાન બંધ હોવાથી તસ્કરોએ લાભ ઉઠાવ્યો પાડોશીએ તાળા તુટેલા જોતા પોલીસને જાણ કરી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સે. ૯માં રહેતા એરફોર્સ અધિકારીના બંધ મકાનને મોડી રાત્રે તસ્કરોએ નિશાન બનાવતા મુખ્ય દરવાજાના તાળાં તોડી ચોરી કરી હતી. છેલ્લા ૨૦ દિવસથી બંધ મકાનમાં ચોરીની જાણ પડોશીએ પોલીસને કરી હતી પરંતુ મકાનમાલિક બહારગામ હોવાથી કેટલી મત્તાની ચોરી થઈ છે તે જાણવા મળ્યું નથી.

સેક્ટર-૯માં મકાન નં. જીબી-૩૨માં રહેતા એરફોર્સના એક ઉચ્ચ અધિકારી રાજીવ રંજનનું મકાન છેલ્લા વીસેક દિવસથી બંધ હતુ. આ પરિસ્થિતિનો લાભ ઉઠાવી ગઈકાલે અજાણ્યા તસ્કરોએ મકાનના મુખ્ય દરવાજાના તાળાંને તોડી ચોરી કરી હતી. સવારે પડોશીએ મકાનનો દરવાજો ખુલ્લો અને તુટેલુ તાળું જોતા સે. ૭ પોલીસ સ્ટેશને જાણ કરી હતી. જોકે મકાનમાલિક રાજીવ રંજન બહારગામ હોવાથી મકાનમાંથી કેટલી મત્તાની ચોરી થઈ તે જાણવા મળ્યું નથી. સે. ૨૦માં રહેતા અન્ય એક એરફોર્સ અધિકારી સુધીર કનૈયાલાલ મહેતાની ફરિયાદના આધારે પીએસઆઈ બોડાણા ઘટનાની તપાસ ચલાવી રહ્યાં છે.

# સે-૨૩ બ્રહ્મસમાજના પ્રમુખપદે મુકેશ શુકલ અને મંત્રીપદે પ્રદિપ દવેની વરણી

ગાંધીનગર, તા.૨૯

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર, સેકટર-૨૩ની સાધારણ સભા મળી હતી. બેઠકમાં આગામી બે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માટે સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩ ગાંધીનગરના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની રચના કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે મુકેશ શુકલ અને મંત્રી તરીકે પ્રદિપભાઈ સી. દવેની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. અન્ય હોદ્દેદારોમાં અતુલભાઈ ત્રિવેદીની ખજાનચી, પુનમભાઈ ભટ્ટ, બીપીનભાઈ જાની, નરેન્દ્રભાઈ મહેતા, કેવલરામભાઈ જોષી, અશોકભાઈ પંડયા, ચિરાગ ત્રિવેદી ઉપપ્રમુખ તરીકે અને તપન ત્રિવેદી, ચિંતન ભટ્ટ, જતીન જોષી સહમંત્રી તેમજ સંગઠન મંત્રી તરીકે પ્રશાંત જોષી, હાર્દિક દવે, મૌલિક દવે અને કારોબારી સભ્ય તરીકે મયંકભાઈ ભટ્ટ, ભાગ્યેશભાઈ દવે, ગીરીશભાઈ ઠાકોર, આનંદ જોષી, સુમિત વ્યાસ, ઋષીકેશ મહેતા, પ્રશાંત ઠાકર, પાર્થ ભટ્ટ, મહેશભાઈ ઠાકર, કલ્પેશ જાની, અશ્વિનભાઈ મહેતા, ભાર્ગવ શુકલ, સી.આર. ત્રિવેદીની વરણી કરવામાં આવેલ છે તેમજ પંકજભાઈ શુકલ, મુકેશભાઈ દવે, શ્રી પરેશભાઈ દવે, બંકિમચંદ્ર મહેતા અને નરેન્દ્ર વ્યાસની સલાહકાર સમિતિ બનાવવામાં આવેલ છે.

# માહિતી ખાતાના વાહનચાલક ધુળાજી પરમારનો વિદાય સમારોહ

ગાંધીનગર, તા. ૨૯

માહિતી ખાતાના વાહનચાલકશ્રી ધુળાજી પરમાર આજે વયનિવૃત્ત થતા તેઓનો વિદાય સમારોહ ગાંધીનગર ખાતે યોજાયો હતો.

વાહનચાલક એસોસીએશન દ્વારા યોજાયેલ વિદાય સમારોહમાં શ્રેયાન સહાયક ઈજનેર શ્રી મયુરભાઈ શાહ દ્વારા શ્રી પરમારને મોમેન્ટો આપી ભવ્ય વિદાય આપી હતી. શ્રી શાહે ધુળાજી પરમારને નિવૃત્તિકાળનું જીવન આરોગ્યપ્રદ રહે અને નિવૃત્તિનો સમય પરિવારજનો સાથે વધુ ગાળે તેવી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે શ્રી પ્રહલાદ ચૌધરીએ શ્રી ધુળાજીનું શાલ ઓઢાડીને સન્માન કરીને નિવૃત્તિકાળ નિરામય રહે તેવી શુભેચ્છા આપી હતી.

નિવૃત્ત થતા શ્રી ધુળાજી પરમારે પ્રતિભાવમાં જણાવ્યું છે કે, માહિતી ખાતાએ તેમજ વાહનચાલક મિત્રોએ જે મને પ્રેમ અને હૂંફ આપી એને હું ક્યારેય નહીં ભુલું.

આ પ્રસંગે માહિતી કચેરી, ગાંધીનગર અને અમદાવાદના તમામ વાહન ચાલક મિત્રોએ ઉપસ્થિત રહી શ્રી ધુળાજીને વયનિવૃત્તિની શુભેચ્છાઓ પાઠવી હતી.

# પુસ્તકાલયની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૫ની ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને શાળાના કેમ્પસમાં ચાલતા બી.એડ. ફેકલ્ટીના પુસ્તકાલયની મુલાકાતે તા. ૨૯ જૂન સોમવારના રોજ લઈ જવામાં આવી હતી. લાયબ્રેરી વિભાગના વડા સીમાબહેને પુસ્તકાલયનું મહત્વ, જુદા જુદા સાહિત્યકારોના પુસ્તકોની વિગત તથા આપણા જીવનમાં વાંચનનું કેટલું મહત્વ છે તેનું મહત્વ સમજાવ્યું હતું.

# સેક્ટર-૧૬માંથી પાંચ લાખથી વધુ પાયરેટેડ સીડીઓ જપ્ત કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સેક્ટર-૧૬ ખાતે પાટનગર યોજના ભવનની સામે પોલીસે દરોડો પાડી દસ હજારથી વધુ નકલી પાયરોટેડ સીડીનો જથ્થો જપ્ત કરી પાંચ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી એક આરોપીની ધરપકડ કરી છે. આ સંદર્ભે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના સેક્ટર-૧૬ ખાતે આવેલ પાટનગર યોજનાની સામે છેલ્લા ઘણા સમયથી કેટલાક વેપારીઓ ફિલ્મો અને ગીતોની પાયરેટેડ નકલી સીડીનો વેપાર કરતા હોવાની ફરીયાદ સેક્ટર-૨૧ પોલીસને આજે બપોરે મળી હતી. આ મામલે બાતમીની હકીકતના આધારે પોલીસે ટીમ બનાવી બાતમી સ્થળે દરોડો પાડી અંદાજે ૧૦,૨૩૭ નકલી સીડીની તપાસ કરી હતી. જેમાં તમામ સીડીઓ નકલી હોવાનું બહાર આવતાં પોલીસે આ તમામ જથ્થો કબજે કરી જેની કિંમત પાંચ લાખથી વધુ થાય છે. પોલીસે રેડ દરમિયાન સીડીના વેપારી ધીરજ મોતીલાલ વાઘેલા રહે. ગાંધીનગરની ધરપકડ કરી હતી અને આ સીડીનો જથ્થો કોની પાસેથી લાવ્યો તેની માહિતી એકઠી કરવા પોલીસે આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જેની તપાસ સેક્ટર-૨૧ પી.એસ.આઈ. યાદવ ચલાવી રહ્યા છે.

# મુખ્યમંત્રી કાર્યાલય કર્મીઓના ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીની શુભેચ્છા

અમદાવાદ, તા.૨૯

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તેમના કાર્યાલયમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મયોગીઓ તથા સુરક્ષાકર્મી જવાનોના જે સંતાનો આ વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓમાં ઉતિર્ણ થયા છે. તેમના આમંત્રીને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા અને આશીર્વાદ આપ્યા હતા.

મુખ્યમંત્રીના કાર્યાલયમાં ફરજરત આ કર્મયોગીઓના કુલ ૩૪ સંતાનોએ પોતાના માતા-પિતા સાથે આનંદીબેન પટેલને મળીને શુભેચ્છા પ્રાપ્ત કરી હતી. આનંદીબેને આ બાળકોને વ્યક્તિગત જીવનમાં શિક્ષણ સંસ્કાર સાથે જ સ્વચ્છતા-સફાઈના સહજ વિકસાવવાની પણ પ્રેરણા આપી હતી. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૭માં બીજીવાર જનાદેશ મેળવી રાજય શાસનનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી જ આ નવતર પરંપરા શરૂ કરી હતી જેને આગળ ધપાવતાં આજે આનંદીબેન પટેલે મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરજ બજાવતા કર્મયોગીઓના ધો-૧૦-૧૨ની પરીક્ષામાં ઉર્તિણ થયેલા બાળકોને પ્રત્યક્ષ મળીને શુભેચ્છા અને આશીર્વાદ પાઠવીને પ્રોત્સાહિત કર્યા હતા તથા ઉજ્જવળ ભાવિની શુભેચ્છાઓ આપી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# આદિજાતિ વિદ્યાર્થીને ઉચ્ચ અભ્યાસ માટે લોન સહાય

## હવે રાજ્યભરમાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૧૦૪ આધુનિક છાત્રાલયોનું નિર્માણ કરી હજારો વિદ્યાર્થીને પ્રવેશ

અમદાવાદ, તા.૨૯

રાજય સરકારે ૧૪ જિલ્લાઓમાં વસતા આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અમલી બનાવી છે. ગુજરાત સરકાર વનબંધુઓને ઉચ્ચ શિક્ષણ આપવા માટે પણ કટિબદ્ધ છે. જેને વધુ બળ આપવા માટે ગુજરાત આદિજાતિ વિભાગ દ્વારા આદિજાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉચ્ચ અભ્યાસ માટે ૨૫ લાખ સુધીની સસ્તા દરે શૈક્ષણિક લોન આપવામાં આવે છે. રાજયભરમા આદિજાતિ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે ૧૧૦૪ આધુનિક છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેના વાર્ષિક ૫૯,૩૩૮ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવે છે. રાજયન આદિજાતિ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે ઉદેશ્યથી આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા વિદેશ અભ્યાસ માટે ૪ ટકાના નજીવા વ્યાજ દરે ૧૫ લાખની લોન આપવામાં આવે છે. જે અભ્યાસ પૂર્ણ થયાના ૧૦ વર્ષ બાદ પરત કરવાની રહે છે. અત્યાર સુધી ૧૪૦ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસક્રમ માટે લોન અપાઈ છે. કોમર્શિયલ પાઈલોટ લાયન્સની તાલીમ માટે ૪ ટકાના દરે ૨૫ લાખ સુધીની લોન આપવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય અનુસુચિત જનજાતિ નાણા અને વિકાસ કોર્પોરેશન દ્વારા શૈક્ષણિક લોન હેઠળ ટેકનિકલ વોકેશનવ અને પી એચ ડી માટે એક પરિવારમાંથી ૬ ટકાના વ્યાજ દરે ૫ લાખ સુધીનો લોન સહાય આપવામાં આવે છે. કાયદામાં સ્નાતકનો અભ્યાસ કરતાં વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ત્રણ વર્ષ માટે ૨૮,૮૦૦નું સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. આ અંગેની વધુ વિગતો માટે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન બિરસા મુંડા ભવન સેકટર -૧૦એ, ગાંધીનગરનો સંપર્ક કરવા આદિજાતિ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.